
## જન્મદિને વધામણી



અમૃતલાલ ગોવર્ધનરામ ત્રિવેદી
ફોન : ૨૩૨૪૧૫૨૪



રમણલાલ મકવાણા
મો. ૯૪૨૭૦ ૨૮૪૮૪

# "વિશેષ જરૂરિયાતવાળા બાળકો" માટે બીઆરસી ભવન ખાતે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગરના સેક્ટર-૧૨માં બીઆરસી ભવન ખાતે આવેલ રિસોર્સ રૂમમાં આઈઈડી (દિવ્યાંગ બાળકો માટેના સંકલિત શિક્ષણ) અંતર્ગત વિશ્વ માનસિક દિવ્યાંગ દિનની ઉજવણીના ભાગરૂપે સીડબલ્યુએસી એન એટલે કે "વિશેષ જરૂરિયાતવાળા બાળકો" માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સીડબલ્યુએસએન બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી તથા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બીઆરસી કો-ઓર્ડિનેટર તથા આઈઈડી સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.

# ક્રિકેટર સલિલ યાદવ ડીપીએસના મહેમાન



આઈપીએલ અને રણજી ટ્રોફી પ્લેયર સલિલ યાદવ મંગળવારે દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના મહેમાન બન્યા હતા. સ્કૂલ ખાતે ચાલી રહેલા રમતોત્સવના બીજા દિવસે ધોરણ-૧થી ૧૨ સુધીના દરેક વિદ્યાર્થીએ ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, શોટ પુટ, કબડ્ડી, લોંગ જમ્પ, વોલીબોલ વગેરે સ્પર્ધાઓમાં ઉલટભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત શાળાના શિક્ષકો તથા વાલીગણ માટે પણ ગોળાફેંક, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્રિકેટર સલિલ યાદવના હસ્તે વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## ડાયરેક્ટ ❤ સે

જ્યાં અન્યોને સમજાવવાનું
મુશ્કેલ થઈ જાય
ત્યાં
જાતને સમજાવી લેવી જોઈએ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
કહાની-૨
૧.૦૦, ૭.૦૦
ડિયર જિંદગી
૪.૦૦
ધ્રુવા (તેલુગુ)
૯.૩૦

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
વજહ તુમ હો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

# ગુજરાત યુનિવર્સિટી વિદ્યાર્થી સેનેટની ચૂંટણી જાન્યુઆરી અંતમાં

## ૯મી જાન્યુઆરીએ જાહેરનામું બહાર પડયા પછી પણ કોલેજોએ મતદારોની યાદી ન મોકલતાં ફેરફાર કરવો પડયો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થીસેનેટની ચૂંટણી આગામી તા.૯મી જાન્યુઆરીએ યોજવાનું નક્કી કરાયું હતું. આ માટેનું નોટિફિકેશન પણ બહાર પાડી દેવામાં આવ્યું હતું. જો કે, એબીવીપી -એનએસયુઆઈના વિદ્યાર્થીઓ વચ્ચેના વિવાદના કારણે હવે જાન્યુઆરી અંતમાં અથવા તો ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી યોજવી પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે. હજુ સુધી અનેક કોલેજોએ પોતાની મતદારયાદી પણ સુપ્રત કરી નથી.

યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સેનેટની ચૂંટણી સામાન્ય રીતે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં થવી જોઈએ. પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી આ ચૂંટણી જાન્યુઆરી અથવા તો ફેબ્રુઆરીમાં યોજવામાં આવતી હતી. આ પ્રકારની પરિસ્થિતિ નિવારવા માટે વર્તમાન કુલપતિ દ્વારા નિર્ધારીત સમયે જ વિદ્યાર્થીસેનેટની ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. વિદ્યાર્થીસંગઠનોના વિવાદ છતાં તા.૯મી જાન્યુઆરીએ ચૂંટણી યોજવા માટેનું જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું હતુ. દરેક કોલેજોને વિદ્યાર્થીઓની મતદારયાદીઓ ૫મી ડિસેમ્બર સુધીમાં જમા કરાવી દેવા સૂચનાઓ પણ આપવામાં આવી હતી. જેની સામે પણ વિદ્યાર્થીસંગઠનોએ વાંધો ઉઠાવતાં આ તારીખ લંબાવીને ૧૫મી ડિસેમ્બર સુધીની કરવામાં આવી હતી. આ સમયમર્યાદા પૂર્ણ થવા છતાં હજુ અનેક કોલેજોએ વિદ્યાર્થી મતદારોની યાદી યુનિવર્સિટીને મોકલી નથી. જેના કારણે હવે યુનિવર્સિટીએ જાહેર કરેલા કાર્યક્રમ પ્રમાણે વિદ્યાર્થી સેનેટની ચૂંટણી થઇ શકે તેમ નથી. સૂત્રો કહે છે એનએસયુઆઇ અને એબીવીપી બન્ને વિદ્યાર્થી સંગઠનો દ્વારા જુદી જુદી કોલેજોમાં નિશ્ચિત વિદ્યાર્થીઓના નામ જ મતદાર તરીકે મોકલવા માટે દબાણો કરવામાં આવતાં હોવાથી અનેક કોલેજ સંચાલકોએ મતદારોની યાદી મોકલાવી નથી. કારણ કે કોલેજો દ્વારા જે નામો મોકલવામાં આવે તે એબીવીપી તરફી હોય તો એનએસયુઆઇ દ્વારા વિરોધ કરવામાં આવે છે. જયારે એનએસયુઆઇ તરફી હોય તો એબીવીપીના વિદ્યાર્થીઓ કોલેજો પર દબાણો કરીને પ્રિન્સિપાલને ધમકી આપતા હોય છે. આ પ્રકારની પરિસ્થિતિ નિવારવા માટે અનેક કોલેજોના પ્રિન્સિપાલે વિદ્યાર્થી મતદારોની યાદી જ મોકલી નથી. જેના કારણે હવે નોટિફિકેશન જાહેર થયું હોવા છતાં નિર્ધારીત સમયે ચૂંટણી થઇ શકે તેમ નથી. હવે વિદ્યાર્થી સેનેટની ચૂંટણી માટે નવેસરથી નોટિફિકેશન બહાર પાડવાનું નક્કી કરાયું છે. આ ઉપરાંત દરેક કોલેજો પાસેથી મતદારોની યાદી આવ્યા પછી જ ચૂંટણી યોજવામાં આવશે. સૂત્રો કહે છે હવે જાન્યુઆરીના અંતમાં અથવા તો ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ચૂંટણીનું આયોજન થાય તેવી શકયતા છે.

## સે. ૬માં ૨૫મીથી યોગ શિબિર

ગાંધીનગર, તા. ૨૦

ભારતીય યોગ સંસ્થાન દ્વારા તા. ૨૫મી ડિસેમ્બરથી સેક્ટર-૬ ખાતે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ શિબિર સે. ૬ના બગીચામાં દરરોજ સવારે ૬ થી ૭ વાગ્યા દરમ્યાન યોજાશે. જેનો લાભ લેવા શહેરના તમામ સ્વાસ્થ્યપ્રેમી નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## જોન ક્લોસ્ટર જીઆઈપીએસના મહેમાન બન્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે સોમવારે ફિઝીયોથેરાપીસ્ટ ઑફ ઈન્ડિયા અને બાંગ્લાદેશની ક્રિકેટ ટીમના જૉન ક્લોસ્ટર મહેમાન બન્યા હતા.

જૉન ગ્લોસ્ટરે બાળકોને રમતો પ્રત્યે પ્રોત્સાહિત કર્યા હતાં અને કહ્યું હતું કે ભારતનું વાતાવરણ સુંદર અને સ્વચ્છ છે તથા અહીં રમવાનો સ્કોપ પણ છે. તેમણે બાળકોને તેમની હેલ્થ સાચવવાની પણ સલાહ આપી હતી. કેવી રીતે રમતો માટે ફિટ રહેવું અને ભણતરની સાથે રમતગમતને પણ સ્થાન આપવું તે અંગે તેમણે બાળકોને માહિતગાર કર્યા હતા. બાળકોએ પણ તેમને પ્રશ્નો પૂછીને પોતાની જિજ્ઞાસા સંતોષવાનો પ્રયાસ કર્યો હતો. પ્રિન્સિપાલ દ્વારા શાળા પરિવાર વતી જૉન ગ્લોસ્ટર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિમાં આર જી સ્કૂલ ઝળકી



ગાંધીનગર, તા. ૨૦

બે દિવસીય સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ બ્રાઈટ સ્કૂલ, વલાદ ખાતે યોજવામાં આવી હતી, જેમાં શ્રીમતી આર જી પટેલ કન્યા સૅકન્ડરી અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા હાયર સૅકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જે પૈકી કૅમ્પ ફાયરમાં સ્કૂલે પ્રથમ ક્રમાંક, છાવણી નિરીક્ષણમાં દ્વિતિય ક્રમાંક, ગાંઠ સ્પર્ધામાં તૃતિય ક્રમાંક અને અવલોકન સ્પર્ધામાં તૃતિય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાઓમાં આવા સુંદર દેખાવ બદલ શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ, માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ તથા સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. કન્વીનર મંજુલાબેને રેલીમાં બંને દિવસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શાળા પરિવાર વતી તેમને પણ બિરદાવવામાં આવ્યા હતા.

## બોરુ પ્રાથમિક શાળા ખાતે બાળ સાહિત્ય ગોષ્ઠિ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

વિદ્યાધામ બોરુ પ્રાથમિક શાળા ખાતે ગુજરાતી ભાષાના બાળ સાહિત્યકાર નટવર હેડાઉ અને ભીખુભાઈ કવિએ આચાર્ય મેહુલ સુથારના આમંત્રણને માન આપી બાલ સાહિત્ય ગોષ્ઠિનું આયોજન કર્યું હતું. આચાર્ય દ્વારા શાળામાં ઉપસ્થિત સાહિત્યકારોનો પરિચય આપવામાં આવ્યો હતો. નટવર હેડાઉએ બાળકોને રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર અંગેની માહિતી વિગતે આપી હતી. તેમણે બાળકોને સાહસ કથાઓ પણ કહી હતી અને ગીતો પણ ગવડાવ્યાં હતાં. ભીખુભાઈ કવિએ બાળકોને અભિનય સાથે ગીતો ગવડાવી રસતરબોળ કર્યાં હતાં. કાર્યક્રમના અંતે શાળા પરિવાર તરફથી બંને બાળ સાહિત્યકારો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# પુત્ર સાહસ ખેડી શકે એટલું સાહસ પિતા કરે





vamlani@yahoo.co.uk

એક પિતાએ તેના પુત્રને ડોક્ટર બનાવવા માટે મેડિકલમાં પ્રવેશ લીધો. ધોરણ બારમાં પુત્રના એટલા સારા માર્કસ ના હતા કે પુત્રને મેડિકલમાં સહેલાઈથી પ્રવેશ મળે. પિતા કરોડપતિ એટલે કલ્પના પણ ના કરી શકાય એટલી રકમનું ડોનેશન આપીને પુત્રનો મેડિકલમાં પ્રવેશ લીધો. પિતા ડોક્ટર એટલે પુત્રને પણ ડોક્ટર બનાવવાની ઈચ્છા. પિતા 'સ્કીન સ્પેસિયાલિસ્ટ' અને ખૂબ સારી પ્રેક્ટિસ ચાલે એટલે ધીકતો ધંધો. જેમતેમ કરીને કે ગમેતેમ કરીને પુત્ર પણ 'સ્કીન સ્પેસિયાલિસ્ટ' બની જાય એટલે પિતાની પેઢી આગળ ચાલે. પિતા પણ એવું માને કે 'સ્કીન ક્લિનિક' માં ક્યારેય ઈમરજન્સી ના હોય અને દર્દીનુ ચામડીના દર્દ ને કારણે મૃત્યુ થાય એવી શક્યતાઓ નહિવત. આમ આ વ્યવસાયમાં પુત્રની આર્થિક અને વ્યાવસાયિક સલામતી પણ ખરી. ઉપરાંત ચામડીના દર્દની સારવાર પણ લાંબો સમય ચાલે. પિતાની એવી તીવ્ર ઈચ્છા કે પુત્ર પોતાનો વ્યવસાય આગળ ચલાવે અને પિતાની ઈચ્છા મુજબ પુત્રની જિંદગી પણ સલામત રીતે ચાલે. પુત્રની ઈચ્છાને પિતાના હૃદયમાં કોઈ જ સ્થાન ના હતું. પુત્રને પુછ્યું પણ નહીં કે તે પોતે શું અભ્યાસ કરવા ઈચ્છે છે અને કારકિર્દી કેવી ઘડવા માંગે છે. પુત્ર જ્યારે મેડિકલ કોલેજના પગથિયાં ચડતો હતો ત્યારે તેની ચાલ લથડતી હતી, તેના હૃદયમાં ધરબાયેલો એક જ્વાળામુખી તેની આંખોમાં દેખાતો હતો અને એ જ્વાળામુખી પીગળીને તેની આંખોમાંથી નીતરતો હતો.



સમાજની તાસીર કઈક એવી જ છે. વેપારી પિતા એવું ઈચ્છે છે કે પોતાનો પુત્ર પોતાના વેપાર-વણજની પેઢી સાંભળે. એક ફિલ્મસ્ટાર એવું ઈચ્છે છે કે પોતાનો પુત્ર ફિલ્મસ્ટાર બને. એવી જ રીતે એક વકીલ પિતાનો પુત્ર વકીલ, ડોક્ટર પિતાનો પુત્ર ડોક્ટર, શિક્ષક પિતાનો પુત્ર શિક્ષક, સંગીતકાર પિતાનો પુત્ર સંગીતકાર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પિતાનો પુત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જ બને એવું આજના પિતાઓ ઈચ્છે છે. એવું લાગે છે કે જાણે પિતાએ એક ફેક્ટરીની જેમ પોતાના પુત્રનું લાલનપાલન કર્યું હોય અને પિતાની ઈચ્છા અનુસાર જ પિતાએ પોતાના દિમાગમાં ડિઝાઈન બનાવી હોય એવા જ સ્વરૂપે ઉત્પાદન થઈને પુત્ર નામની પ્રોડક્ટ માર્કેટમાં આવે અને પિતાના કહેવાતા સ્વપ્નો સાકાર કરે.

આપણે સૌ જાણીએ છીએ કે માછલી પોતાના સંતાનોને તરતા નથી શીખવતી છતાં માછલીના સંતાનો મોટા થઈને વિશાળ સાગરમાં સ્વતંત્ર થઈને વિહરે છે, પોતાનું જીવન જીવે છે અને આનંદ કિલ્લોલથી આખો યે દરિયો ડહોળે છે. માછલીએ જો પોતાના સંતાનો ને તરતા શીખવ્યું હોત તો કદાચ તેના સંતાનો મર્યાદિત વિસ્તારમાં જ વિહરતા હોત અને તેઓ સાગરની વિશાળતા ને પામી શક્યા ના હોત. માં-બાપ જ્યારે બાળકને તરતા શીખવે છે ત્યારે તેને સાહસ કરતાં સલામતીના પાઠ વધારે શીખવે છે.

પિતા પોતાના પુત્રને પોતાના જ દોરેલા વર્તુળમાં રાખવા ઈચ્છે છે કારણકે પોતાનું દોરેલું વર્તુળ પોતાને અનુકૂળ આવી ગયું હોય છે. પોતે એવું માને છે કે પુત્રને પણ એ વર્તુળની અંદર જ વધારે અનુકૂળતા રહેશે. પિતા ઈચ્છે છે કે પોતે દોરેલીલક્ષ્મણ રેખાની બહાર પોતાનો પુત્ર ક્યારેય ના જાય. તે એવું માને છે કે લક્ષ્મણરેખાની અંદર પોતાનો પુત્ર હંમેશા સલામત રહેશે. પિતા એવું મને છે કે પોતે પોતાન પુત્રને, સૂર્યદેવે કર્ણને કવચ આપ્યું હતું એવું સુરક્ષાકવચ આપે છે. પણ પોતે એ નથી જાણતા કે એ સુરક્ષાકવચ ગમે ત્યારે એક ભ્રમ સાબિત થઈ શકે છે. સૂર્યદેવે પોતાના પુત્ર કર્ણને આપેલું કવચ પણ કર્ણ પાસેથી છીનવાઈ ગયું હતું. એ સુરક્ષા કવચ, જીવન ની અંતિમ ક્ષણોએ, જ્યારે કર્ણને સુરક્ષાની જરૂર હતી ત્યારે જ કામ લાગ્યું ન હતું.

પિતા ઈચ્છે છે કે પુત્ર પોતાનો પડછાયો થઈને રહે પણ પુત્રરૂપી પડછાયાનું અસ્તિત્વ તો તેના પિતા ઉપર પ્રકાશ હોય છે ત્યાં સુધી કે પછી પિતાનું અસ્તિત્વ રહે ત્યાં સુધી જ રહી શકે છે . પિતાનું અસ્તિત્વ ખતમ થવાની સાથે પૂત્રરૂપી પડછાયાનું અસ્તિત્વ પણ ખાતાં થઈ જાય છે. પિતાના ધનુષ્યની કમાન ઉપર ચડાવેલું પુત્રરૂપી તીર પિતાના તાકેલા નિશાન ઉપર જ લાગે છે. પુત્રએ તો માત્ર એક સાધન બનીને પિતા જ્યાં નિશાન તાકે ત્યાં જ પહોંચવાનું હોય છે. તેમાં પૂત્રરૂપી તીરની કોઈ જ ઈચ્છા નથી ચાલતી.

પિતાનો પુત્ર પ્રત્યેનો આ પ્રકારનો અભિગમ પુત્રને કૂવાનો દેડકો બનાવી દે છે. માત્ર પિતાની આંખે જ પિતાએ બનાવેલું કે પિતાએ જોયેલું વિશ્વ પુત્રએ નિહાળવાનું રહે છે. તેની બહારના વિશ્વના અનુભવોથી પુત્ર હંમેશા વંચિત રહી જાય છે. પિતા હમેશા પુત્રને સુરક્ષાકવચમાં સુરક્ષિત રાખવા પ્રયત્ન કરતાં હોય તે પુત્રને નવા સાહસો કરતાં રોકે છે. પિતાએ પોતાના અભિગમથી પુત્રની પાંખો જ કાપી નાખી હોય, પુત્ર ક્યારેય ખુલ્લા ગગનમાં, પોતાની મરજી થી ઊંચા આકાશે ઊડી શકતો નથી. આવી પરિસ્થિતિમાં ક્યારેક તો પુત્ર પાંજરામાં પુરાયેલા પોપટ જેવી અથવા તો પ્રાણી સંગ્રહાલયમાં પુરાયેલા સિંહ જેવી લાગણી અનુભવે છે.

જીવન એક લાંબી રેસ છે, જીવન એક મેરેથોન દોડ છે, પણ જીવન એક એવી રેલી-રેસ નથી કે પિતા દ્વારા પુત્રને અપાયેલા દંડને લઈને જ પુત્ર આગળ દોડે. જીવન તો એકલા દોડવાની અને હરીફાઈમાં દોડતા દોડવીરોથી આગળ નીકળી જવા માટેની મેરેથોન છે.

પોતાનો પુત્ર પોતે દોરેલા વર્તુળમાં જ ગોળગોળ ઘૂમ્યા કરે, પોતે દોરેલી લક્ષ્મણરેખાની અંદર જ સલામતીભર્યું જીવન વિતાવે કે પોતે બનાવેલા વિશ્વને જ પુત્ર જોયા કરે એમાં પિતાનું ગૌરવ નથી. પુત્ર ખુલ્લા ગગનમાં વિહરે, પુત્ર પર્વતોમાંથી તેના ખડકોની છાતી ફાડીને નીકળતી નદીની જેમ વહેતા વહેતા આગળ વધે અને પોતાના નિશ્ચિત કરેલા લક્ષ્યો પ્રાપ્ત કરે એમાં જ પિતાનું ગૌરવ છે.

જીવન અનેક સાહસો થી ભરેલું છે. પુત્ર એ સાહસો ખેડી શકે એટલું સાહસ જો પિતા કરી શકે તો જ બંનેનું જીવન સાર્થક થઈ શકે.